# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 7-11-2024** **Morning : 7.10 to 7.20 am**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **રિદ્ધિ ઉંધાડ** વાંચે છે.

.......................................................................................................................................

- બનાસકાંઠાની વાવ વિધાનસભા બેઠક માટે પ્રચાર અભિયાન તેજ બન્યું - કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટિલ કરશે આજે ચૂંટણી પ્રચાર
- રાજ્ય સરકાર દ્વારા દિવ્યાંગ શિષ્યવૃતિ યોજના અમલી, 1થી 7 ધોરણના વિદ્યાર્થીઓને વાર્ષિક 1 હજાર જ્યારે 8માં ધોરણના વિદ્યાર્થીઓને 5 હજાર રૂપિયા સુધીની શિષ્યવૃત્તિ.
- તહેવારોના ત્રણ દરમિયાન ઇમરજન્સી સેવા 108ની કામગીરીમાં 12 ટકાનો ઉછાળો.
- સુરતના સિટીલાઈટ વિસ્તારમાં જીમ અને સ્પામાં મોડી રાત્રે આગ લાગતા 2 મહિલાના મોત.
- ..... અને નવરાત્રિથી ભાઈબીજ સુધી તહેવારો દરમિયાન અમદાવાદમાં અંદાજે 25 હજાર નવા વાહનોની નોંધણી કરાઈ.

-----------------------------------------------------------------

# VAV PRACHAR

બનાસકાંઠાની ખાલી પડેલી વાવ વિધાનસભા બેઠક પર ચૂંટણી પ્રચાર તેજ બન્યો છે.

ભાજપના પ્રદેશ પ્રમુખ અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલ આજે બનાસકાંઠાના વાવ પ્રવાસે છે. શ્રી પાટીલ અહીં વિધાનસભા કાર્યકર્તાઓ સાથે બેઠક અને ચૂંટણી પ્રચાર કરશે. વાવ બેઠક પર 13 નવેમ્બરના રોજ પેટા ચૂંટણી માટે મતદાન થશે, અને 23 નવેમ્બરના રોજ મતગણતરી યોજાશે.

-----------------------------------

# Divyang Student

દિવ્યાંગ વિદ્યાર્થીઓમાં શિક્ષણનો વ્યાપ વધારવા માટે રાજ્ય સરકારે દિવ્યાંગ શિષ્યવૃતિ યોજના અમલમાં મુકી છે. આ યોજનાનો લાભ લેવા માટે અભ્યાસકર્તા દિવ્યાંગ વિદ્યાર્થીની વિક્લાંગતાની ટકાવારી 40 ટકાથી ઓછી હોવી ન જોઈએ. છેલ્લી વાર્ષિક પરીક્ષામાં 40 ટકાથી ઉતિર્ણ હોવા જોઈએ.

પરિવારની વાર્ષિક આવક 50 હજારથી વધુ ન હોવી જોઈએ. આ યોજના અંતર્ગત ધોરણ 1થી7 સુધીમા ભણતા વિદ્યાર્થીઓને વાર્ષિક 1 હજાર રૂપિયા, ધોરણ 8માં ભણતા વિદ્યાર્થીઓને 5 હજાર રૂપિયા સુધીની શિષ્યવૃતિ મળવાપાત્ર છે.

-----------------------------------

# DIWALI 108 Rajkot

દિવાળીના તહેવાર વચ્ચે ઇમરજન્સી સેવા 108ની કામગીરીમાં 12 ટકાનો વધારો નોંધાયો છે.

તહેવારોના ત્રણ દિવસમાં સરેરાશ 5 હજાર, 60 કેસો સાથે રાજ્યમાં 15 હજારથી વધુ ઇમરજન્સી કેસ નોંધાયા છે. જેમાં વાહન અકસ્માત, મારામારી, આગથી દાઝી જવા સહિતના કેસો નોંધાયા હતા.

દરમિયાન રાજકોટમાં દિવાળીના ત્રણ દિવસ દરમિયાન સરેરાશ 269 કેસો સાથે કુલ 808 ઇમરજન્સી કેસ નોંધાયા છે, જે 7.30 ટકાનો વધારો દર્શાવે છે. આ દિવસો દરમિયાન ઝઘડા અને મારામારીના કેસોમાં 128 ટકાનો વધારો થયો છે. જ્યારે વાહન અકસ્માતના કેસો લગભગ બમણા થયા છે. તો આગથી દાઝી જવાના કેસોમાં રાજકોટ ત્રીજા ક્રમાંકે છે.

---------------------------------

# RAJKOT TRAIN

પશ્ચિમ રેલવેએ મુસાફરોની માગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને રાજકોટથી લાલકુવા વચ્ચે દોડતી સાપ્તાહિક વિશેષ ટ્રેન સપ્તાહમાં બે દિવસ દોડાવવાનો નિર્ણય કર્યો છે. જે અનુસાર રાજકોટ – લાલકુવા સ્પેશિયલ ટ્રેન 7 નવેમ્બરથી 2 ડીસેમ્બર સુધી દર સોમવારે અને ગુરુવારે દોડશે.

તેવી જ રીતે લાલકુવા – રાજકોટ સ્પેશિયલ ટ્રેન 6 નવેમ્બરથી પહેલી ડીસેમ્બર વચ્ચે દર રવિવારે અને બુધવારે દોડશે. આ ટ્રેન માટેનું બૂકિંગ તમામ PRS કાઉન્ટર્સ અને IRCTC વેબસાઇટ પરથી કરી શકાશે. જ્યારે ટ્રેનોના સ્ટેશન્સ સમય સહિતની અન્ય માહિતી મુસાફરો www.enquiry.indianrail.gov.in પરથી મેળવી શકશે.

---------------------------------

# RAJKOT CYCLE DISTRIBUTION

રાજકોટ જિલ્લા નાયબ નિયામક વિકસતી જાતિ કચેરી દ્વારા સરકારી શાળામાં અભ્યાસ કરતી વિકસતી જાતિની ધોરણ-9ની વિદ્યાર્થીઓને નિયમો અનુસાર સાઇકલ વિતરણ કરવામાં આવશે. વર્ષ 2023 – 2024માં 5 હજાર, 300 સાઇકલની માગણી કરવામાં આવી હતી, જેમાંથી 5 હજાર 102 સાઇકલની દરખાસ્ત મંજૂર કરાઈ હતી. આ સાઇકલોને ઇન્સપેક્શનની કામગીરી પૂર્ણ થયા પછી કચેરી દ્વારા વિદ્યાર્થિઓને વિતરણ કરવામાં આવશે.

---

# Surat Fire

સુરતના સિટીલાઈટ વિસ્તારમાં આવેલ જીમ અને સ્પામાં મોડી રાત્રે આગ લાગતા 2 મહિલાના મોત થયા છે. આગ લાગતા ફાયર બ્રિગેડની 12 ગાડી ઘટના સ્થળે પહોંચી આગને કાબૂમાં લીધી હતી. સાથે જ ઘટના સ્થળે ફસાયેલા લોકોનું રેસ્ક્યૂ પણ કરાયું હતું. શોર્ટ સર્કિટ થવાના કારણે આગ લાગી હોવાનું પ્રાથમિક અનુમાન છે. આગ એટલી વિકરાળ હતી કે તેના ધુમાડાના કારણે બે મહિલાના ગૂંગળામણના કારણે મોત થયા છે.

ઉલ્લેખનીય છે કે, જે કોમ્પલેક્સમાં આગ લાગી તેની સામે જ ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીની ઓફીસ પણ છે. હાલ આગ કાબુમાં છે.

---

# Ahmedabad Vehicles sales

ગુજરાતમાં ઘર, વાહન કે સોનાની ખરીદી કરવા માટે લોકો સારા મુહૂર્તની રાહ જોતા હોય છે. નવરાત્રીથી ભાઈબીજ સુધીનાં તહેવારોમાં અમદાવાદમાં વાહનોની ખરીદીમાં પણ વધારો થાય છે. ખાસ કરીને દશેરા, પુષ્યનક્ષત્ર, તેમજ ધનતેરસના દિવસે વાહનોનાં વેચાણમાં મોટો વધારો થાય છે. અમદાવાદ RTOમાં નવરાત્રીથી ભાઈબીજ સુધીમાં 24 હજાર 856 વાહનનું રજીસ્ટ્રેશન થયું છે, જેમાંથી 16 હજાર 824 ટુ વ્હીલર, 438 ઇલેક્ટ્રિક વાહનનો સમાવેશ થાય છે.

ગત વર્ષે નવરાત્રીથી ભાઈબીજ સુધીમાં 22 હજાર 474 વાહનનું રજીસ્ટ્રેશન થયું હતું, જેમાં ઇલેક્ટ્રિક વાહનોની સંખ્યા 1,299 હતી. આમ, ઇલેક્ટ્રિક વાહનોનાં વેચાણમાં ઘટાડો થયો છે. ઉલ્લેખનીય છે કે હાલમાં અમદાવાદ આરટીઓમાં 40 લાખથી વધુ વાહનો રજિસ્ટર થયેલા છે.

-----------------------------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

..........................................................

# NADIYAD INDIAN RED CROSS

લાભ પાંચમના દિવસથી લોકો સારા મુર્હુતમાં પોતાના વ્યવસાય રોજગારની શરૂઆત કરતાં હોય છે ત્યારે નડિયાદમાં ઇંડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા રક્તદાન કૅમ્પ યોજી નવાવર્ષની શરૂઆત કરવામાં આવી છે.

લાભ પાંચમના દિવસે રક્તદાન કેમ્પ યોજીને આખા વર્ષ દરમ્યાન કોઈ પણ દર્દીને લોહીની ઉણપ ન સર્જાય તેવા ઉમદા ઉદયેશ સાથે છેલ્લા દસ વર્ષથી આ રીતે કૅમ્પ યોજવામાં આવે છે. વધુમાં ઇંડિયન રેડ ક્રોસ સોસાયટીના ઈન્ચાર્જ જણાવે છે કે....

(ઓડિયો : નિકેશભાઈ, ઈન્ચાર્જ ઇંડિયન રેડ ક્રોસ સોસાયટી)

----------------------------------

# NAVSARI NIMESH VASHI CHIKU

નવસારી જિલ્લાના અમલસાડ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સબયાર્ડ ખાતે લાભ પાંચમના દિવસે 4 હજાર મણથી વધુ ચીકુની આવક થઈ છે.

ચીકુના ભાવ ઉંચા રહેતા ખેડૂતોમાં ખુશી જોવા મળી છે. આ ચીકુનું માર્કેટ યાર્ડ ભારતભરમાં પ્રખ્યાત છે. આ વખતે હવામાનના બદલાવના કારણે ચીકુનો પાક પાછળ ઠેલાતા વેપારી એસોસિએશનના પ્રમુખ જણાવે છે કે....

(ઓડિયો : નિમેષ વશી, પ્રમુખ, અમલસાડ ખેતીવાડી બજાર સમિતિ)

----------------------------------

# PANCHMAHAL FOOD DRUG

પંચમહાલ જિલ્લા ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા જિલ્લામાં મોટા પાયે દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં શંકાસ્પદ ગણાતા ખાદ્ય પદાર્થોના નમૂનાઓને તપાસ અર્થે રાજ્યની ફુડ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા.

તપાસ દરમિયાન 4 જેટલા નમૂનાઓ ખાદ્ય અને સુરક્ષા પ્રમાણ કાયદા હેઠળ સબ સ્ટાન્ડર્ડ જાહેર થતા જવાબદારી પેઢીઓને કુલ 4 લાખ, 75 હજાર રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. જે પેઢીઓને દંડ ફટકારવામાં આવ્યો છે, તેમાથી મોટા ભાગની ડેરી પ્રોડક્ટનું વેચાણ કરે છે.

-----------------------------------

# WEATHER

ગુજરાત રાજ્યમાં છેલ્લા બે સપ્તાહથી દિવસ દરમિયાન અંગ દઝાડતી ગરમીનો અનુભવ થઈ રહ્યો છે જે હજુ પણ આગામી સાત દિવસ યથાવત રહેવાની હવામાન વિભાગે આગાહી કરી છે. ઉલ્લેખનીય છે કે, નવેમ્બર મહિનામાં ગુજરાત રાજ્યમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં નીચું જ્યારે લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુ રહેવાની શક્યતાઓ છે. જેને પગલે અમદાવાદ સહિતના કેટલાક જિલ્લામાં છેલ્લા 24 કલાક દરમિયાન મહત્તમ તાપમાન સામાન્યથી નજીક પહોંચ્યું છે.

જ્યારે લઘુત્તમ તાપમાન હજુ પણ યથાવત રહ્યું છે. વધુમાં હવામાન વિભાગના ડાયરેક્ટર એ. કે દાસ શું જણાવે છે તે સાંભળિએ...

(બાઇટ : એ.કે.દાસ, હવામાન વિભાગના ડાયરેક્ટર)

----------------------------------

# BOI - National Art Competition

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની ૧૦મી વર્ષગાંઠ નિમિત્તે રાષ્ટ્રીય કલા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સુરતની વિર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની ફાઈન આર્ટસ વિભાગની વિદ્યાર્થીની મોનિકા અકોલિયાનું ચિત્ર પ્રદર્શિત કરાયું હતું. જેમાં RBI તરફથી વિશેષ પ્રમાણપત્ર અને પુરસ્કાર આપી સન્માન કરાયું હતું.

----------------------------------

# JAFRABAD CHEQUE DISTRIBUTION

અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના કંથારિયા ગામમાં બે દિવસ પહેલા સાત વર્ષની બાળકી પર સિંહણે હુમલો કરતા બાળકીનું મોત નિપજ્યું હતું. રાજ્ય સરકારે મૃતક બાળકીના પરિવારજનોને પાંચ લાખની સહાય જાહેર કરી છે, જેનો ચેક ગઈકાલે પરિવારને સોંપવામાં આવ્યો.

કંથારિયા ગામે સાત વર્ષિય બાળકી માતા પિતા સાથે વાડીએથી ઘરે પરત ફરી રહી હતી. રસ્તામાં સિંહણે બાળકીને દબોચીને નાસી ગઈ હતી. પરિવારજનોએ શોધખોળ હાથ ધરતા બાળકીના અવશેષો મળી આવ્યા હતા. જે બાદ વન વિભાગની ટીમે ઑપરેશન હાથ ધરી સિંહણને પાંજરે પૂરી હતી.

----------------------------------